સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

હવે ખરેખર બધા તરફ સદ્‌ભાવ રાખજો!
ન્યાયી, નમ્ર, વિવેકી ને તટસ્થ સ્વભાવ રાખજો!
પ્રાદુર્ભાવ સાચવી રાખજો પ્રજાના વિશ્વાસનો -
ને જનતા પ્રત્યે સમભાવે, નમભાવ રાખજો.
(આશીર્વાદ-શુભેચ્છા)

હાઈકુ

ગુજરાત ને,
દિલ્હી, હવે મોસાળ -
મા-પીરસસે..

અબ કી નહીં
હવે તો વારંવાર
આ' સરકાર...

ચિંતન

માતા મિત્રં પિતા ચેતિ સ્વાભાવાત્ ત્રતયં હિતમ્ । કાર્યકારણ તશ્ચાન્યે ભવન્તિ હિત બુદ્ધયઃ ॥

'માતા-પિતા અને મિત્ર આ ત્રણ જ સંબંધો એવા છે જે કોઇ પણ જાતની અપેક્ષા વિના જ આપણા હિતનો જ વિચાર કરે છે અને એ પ્રમાણે જ સલાહ-સૂચન-માર્ગદર્શન આપે છે. તે સિવાયના બધાં જ જે કંઇ કરે છે, જે કંઇ કહે છે તેમાં આપણું નહીં પણ એમનું જ હિત સમાયેલું હોય છે.'

આ જગતમાં સંસાર વ્યવહારમાં સાચા મિત્ર મળવા દુર્લભ છે. જે કોઇ નવા સંબંધો બંધાય એમાં કોઇને કોઇ જાતની ઊંડી અપેક્ષા કે પોતાના ફાયદાનો વિચાર તો અચૂક જ હોય છે.

જયારે માતા-પિતા પોતાનું સંતાન કેમ સુખી થાય એ જ વિચારે સલાહ-સૂચન-માર્ગદર્શન આપતાં હોય છે એમાં પોતાને શું 'લાભ' થશે એ વિચાર હોતો જ નથી જો કે આજનાં સંતાનને સાચી સલાહ-માર્ગદર્શન પણ મા-બાપ આપે તે ગમતું તો નથી જ પણ સ્વીકારતા પણ નથી. આવા સંતાનો માબાપનું ઋણ કે પોતાની ફરજ તો ક્યાંથી સમજે? છતાંય કોઇ જ અપેક્ષા વિના માતા-પિતા સંતાનનું હિત જ વિચારે છે.

સુવિચાર

- જેને જયજયકાર કરનારા ટોળાની ગરજ હોય એવા ગુરૂથી આઘા રહેવું - *ધર્મસૂત્ર*
- ૮૦ વર્ષના સંશોધન પછી સાબિત થયું છે કે અંગત મિત્રો વ્યક્તિને પૈસા અને પ્રસિદ્ધિ કરતા વધુ તંદુરસ્તી આપે છે અને આનંદમય રીતે દીર્ઘજીવન જીવાડી જાય છે - *ડૉ. જીતેન્દ્ર અઢિયા*
- કાયદામાં ગુનો અને સજા શબ્દો છે, પ્રકૃતિમાં ગુનો અને સજા શબ્દોનું અસ્તિત્વ જ નથી. છતાં અહીં દરેક કામનો બદલો ચુકવવાનો અફર નિયમ છે - *જ્ઞાનસૂત્ર*
- જીવનનાં નિરર્થક વર્ષો જ વૃદ્ધત્વ લાવે છે, ચેતનામાં પ્રગતિ, પૂર્ણતામાં આગેકૂલ એ જ જીવનનો સાચો ઉપયોગ છે - *ધર્મસૂત્ર*
- વિઘટન એ ખોટા વલણનું પરિણામ છે - *એસ. ભટ્ટાચાર્ય*
- કોઇનું પણ ભાવિ શૂન્ય હોઇ શકે જ નહીં, સંજોગોથી ડરશો તો આવતો જનમ આજનમથી પણ કપરો બનશે, આ જનમમાંથી જ પ્રગતિ શક્ય છે - *ડૉ. વિક્રમ સારાભાઇ*
- આખા જગતનું તોફાન પણ જેની સમતુલામાં ખલેલ પાડી ન શકે એ જ સાચા સંત - *સૂફી કથન*

(સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

સુખ-દુખ, શાંતિ-અશાંતિ આપણા પોતાના જ સ્વભાવની નીપજ છે ઘર-પરિવારમાં એકાદ વ્યક્તિ એવી હોય છે કે જે પોતાના સ્વભાવથી સ્વર્ગ જેવા સંસારને નરક બનાવી નાખે છે.

એક નિવૃત્ત સૈનિક હવે એક જાગીરદારના રક્ષક તરીકે નોકરી કરતો હતો-સૈન્યમાં હતો તેથી ઉશ્કેરાટ તો એની ગાંઠે બાંધેલો રહેતો. પણ વય થતાં તેનું ચિત્ત અધ્યાત્મ તરફ ઢળવા લાગ્યું. પણ ભગવાન, સ્વર્ગ-નરકમાં એને વિશ્વાસ આવતો નો'તો - સંત પાસે જઇ પોતાની દ્વિધા કહી ને કહ્યું સ્વર્ગ-નરક શું છે તમે બને બતાવી શકશો?

સંતે કહ્યું તમને રક્ષક તરીકે રાખ્યા કોણે ચહેરા પરથી સાવ માંદલા-દર્દી જેવા દેખાવ છો! સૈનિકનો પિત્તો ગયો અને હાથ કમર પટ્ટે બાંધેલી કટાર પર ગયો. સંત કહે તારી કટાયેલી કટારનો મને જરા પણ ડર નથી. સૈનિક ખૂબ ઉશ્કેરાયો - ગમે તેમ બોલાવા લાગ્યો કહ્યું તમે સાધુ ન હોત તો હમણાં જ...

સંત હસ્યા અને કહ્યું જો ભાઇ આ ક્રોધ એટલે નરક એ સમજાવવા જ મેં કહ્યું, સૈનિક સમજ્યો રડ્યો, માફી માંગી. સંતે એને ઉઠાવ્યો અને ભેટ્યા અને કહ્યું આને કહેવાય સ્વર્ગ.

સ્વભાવથી નરક ઊભું થાય પ્રેમથી સ્વર્ગ ઊભું થાય.

Email - sureshchandrabhatt18@gmail.com

ખરેખર તડકો પણ સંવેદનશીલ છે

ધોમધખતા તડકે બેસીને તડકા વિશે લખવાની મજા કંઈ ઓર જ છે. આજ સુધીના મોટાભાગના લેખકોએ તડકા વિશેના નિબંધો-કાવ્યો એ.સી. રૂમમાં ટેબલલેમ્પના આછા અજવાસમાં લખેલાં હશે. હા, ભુતકાળમાં તેઓ તડકાનો અનુભવ કરી ચુક્યા હશે. કેટલાંક લેખકો ગ્રામ્ય જીવન જીવ્યા હોવાથી ખેતરમાં, વાડીમાં, વગડામાં તડકાનું સાનિધ્ય માણી ચુક્યા હશે પરંતુ આજે મોટાભાગના લેખકો યુનિવર્સિટીઓ, કોલેજો, શાળાઓ કે સરકારી ઓફિસોમાં કે અખબારોની ચેમ્બરોમાં વાતાનુકૂલિત થઈને બેઠા છે. તેમના સ્મરણમાં તડકાની જે અનુભૂતિ હતી તેને અને અભ્યાસ-શિક્ષણ અને વાંચનને મેળવી દઈને તડકા વિશેના રમ્ય નિબંધો લખી નાખ્યા હશે. પરંતુ તડકો જ્યારે માથા ઉપર સવાર હોય, માણસને, પશુ-પક્ષીને અને ખૂદ પ્રકૃતિને પણ પોતાની અગન જવાળાઓમાં લપેટીને પરેશાન કરતો હોય એ વખતે તડકાની લાઈવ સ્વાનુભૂતિ કાગળ પર ઉતારવી મારી દૃષ્ટિએ વધુ તડકા દાયક છે.

હું અનેક વખત તડકામાં ફર્યો છું. છતાંય કદી કંટાળ્યો નથી. કારણ કે હું પહેલેથી એવું માનું છું કે ઉનાળામાં ગરમી ન થાય તો શું થાય ? તડકો-તડકાનું કામ કરે અને આપણે આપણું... પરંતુ આ વખતે જાણે કે તડકાએ નક્કી કર્યું હશે કે મને હાર આપવી, અને એવી ક્ષણ પણ આવી પહોંચી હતી.

માનવ મહેરામણથી છલકાતી દિલ્હીની ભરચક સડકો વટાવીને હું ને મનોજ આગ્રાના તાજમહેલ તરફ એ.સી. ગાડીમાં જઈ રહ્યા હતા. આમ તો મેં તાજમહેલ ઘણી વખત જોયો છે. પરંતુ આગ્રામાં એક સાહિત્યિક સેમિનાર અને રાત્રે 'હિન્દી કવિ સંમેલન'માં ભાગ લેવાનો હોવાથી થયું કે ચાલો થોડા વહેલા જઈને તાજમહેલની સંગેમરમરની ખ્વાબોની સૃષ્ટિમાં થોડી ક્ષણો ખોવાઈ જઈશું.

હજી તો દિલ્હી ગયું જ છે ત્યાં જ ગાડી થંભી ગઈ. એક ટાયરમાં પંક્ચર... મેં જેવો એ.સી. ગાડીનો દરવાજો ખોલ્યો ત્યાં જ અચાનક આવીને પ્રિયતમા ગળે વળગી પડે એમ ગરમ-ગરમ હવા મને વળગી પડી. કાળી લિસ્સી અને મૃગજળના દરિયામાં ચમકતી સડકો ઉપરથી વીજળીના લિસોટાની જેમ જતા આવતા નાના મોટા વાહનોની ચિચિયારીઓ કાનોમાં ઉભરાવા લાગી. સડકોની બંને બાજુ વૃક્ષો પણ એટલા ઊંચા હતા કે એમને ખૂદ એમનો પડછાયો શોધવો પડતો હતો. ક્યાં બેસવું ? આસપાસ ક્યાંય મોટું પહોળું વૃક્ષ દેખાયું નહીં. કોઈ હોટલ-મકાન કે ઝૂંપડું પણ નહીં. ચારે તરફ ટાયરોની ચીસો, અને તડકો...



મોરપીંછના રંગ

- ડૉ. કનૈયાલાલ ભટ્ટ

મે મહિનાનો તડકો અને હું અત્યારે સડક ઉપર એકબીજાને ભેટીને ઉભા હતા. અત્યારે તડકાની કોઈ રમણિય બાબતો મનમાં ઉદ્‌ભવતી નથી. થાય છે કે આ તડકો ન હોત તો છાયાની, પાણીની, ઠંડકની પણ કોઈ કિંમત ન હોત. તડકાનું સાચું ગૌરવ તડકો અનુભવવાથી થાય છે બાકી તો આપણે તડકાને તરછોડીને તડકા ઉપર નિબંધ-કાવ્ય લખીએ એ કેવું ?

અત્યારે બપોરનો દોઢ થવા આવ્યો છે. આખું આકાશ એકરસ છે. જાણે કોઈ ચિત્રકારે ચિત્ર બનાવવા માટે તૈયાર કરેલું કોરું કેનવાસ. ક્યાંય વાદળનો આભાસ પણ નથી. હવામાં વરસતી ગરમ લૂ ખોબો ભરીને પીવાનું મન થાય છે. દિલ્હીની સડકો પર ઘણી વખત નાગાંપૂગાં બાળકો પોતાના શરીરે તડકો વિંટીને ફરતા હોય છે અને રૂવે રૂવેથી પીતા હોય છે તડકાની ગરમ લૂ. ત્યારે થાય છે કે આ બાળકો અનાથ નથી એમનું રક્ષણ અને ભરણપોષણ આ તડકો જ કરે છે. જેવી રીતે જન્મથી કર્ણની સાથે કવચ-કુંડળ હતાં. તેવી રીતે આવા બાળકોની સાથે જન્મથી જ તડકો અને લૂ હોય છે.

ગાડીના ટાયરનું પંક્ચર બનાવતા ડ્રાઈવરના હાથના બાવળા અને કપાળ પરથી ટપકતા પરસેવાનું મૂલ્ય તડકો જ જાણે છે. પરંતુ આપણે સમજી શકતા નથી. ઊંચાઊંચા વૃક્ષના પાંચ-દસ પાંદડાઓના છાયામાં બેઠા બેઠા તડકો પીવાની મજા કંઈ ઓર જ છે. પહેલી જ વાર આવી રીતે તડકો પીવાની મજા આવી અને તડકાને મજા આવી મને પીવાની.

ખરેખર તડકો પણ સંવેદનશીલ છે એ પણ માણસની પ્રકૃતિ જુએ છે અને પછી વરસી પડે છે એની ઉપર ! પણ એક વાત એ નોંધવા જેવી ખરી કે તડકામાં જો દુઃખી થઈએ તો આવી બન્યું. તડકો આપણી આરપાર ! અને જો તડકામાં તમે તડકાને મિત્ર બનાવી લીધો તો પછી એ જ તડકો તમારી સાથે ગેલ કરશે જાણે કે નાનું ગલૂડિયું. ડાઘિયો કૂતરો ભસે-કરડે અને કોઈ નાનું ગલૂડિયું પૂંછડી પટપટાવી ગેલ કરે એમાં કેટલો બધો તફાવત...! બસ આટલો તફાવત છે તડકા સાથેની દોસ્તી અને દુશ્મનીમાં...!!

તડકાથી પરસેવો વળે અને શરીરનો કચરો બહાર નીકળે અને વગેરે વગેરે... એવા વૈજ્ઞાનિક તથ્યો પર મારે નથી લખવું... કેમકે ફૌજી પણ પરણ્યાની પ્રથમ રાત્રે પત્ની સાથે યુદ્ધની વાતો નથી કરતો. યુદ્ધની, પ્રણયની, સ્પર્શની અને સહવાસની અનુભૂતિ જુદી જુદી હોય છે અને યુદ્ધમાં જો ફૌજી પત્ની કે પ્રેમિકાને યાદ કરે તો દુશ્મનની ગોળી વાગતા જ એ પત્ની કે પ્રેમિકાને માટે હંમેશાં યાદ જ બની રહે છે. અહીંયા મારી સ્થિતિ પણ કંઈક આવી જ છે. જોકે તડકા સાથેનું આ યુદ્ધ નથી પણ પ્રણય છે. તડકા સાથેની મારી પ્રથમ બપોર છે. આ વખત એનો સ્પર્શ, સહવાસ એની સુગંધ આ બધુંય નીતરતા પરસેવા દ્વારા એની અનુભૂતિ કરવાની છે. તડકાના ખુલ્લા સોનેરી વાળની લટોમાં આંગળીઓ પરોવીને એની સાથે મસ્તી કરવાનું સદ્‌ભાગ્ય કોઈને જ સાંપડી શકે છે.

ચાંદની રાત્રે વરસતી ચાંદનીમાં તાજમહેલના અદ્‌ભુત રૂપને પણ ભૂલાવી દે એવું સોનેરી તડકાનું આ તીખું સ્વરૂપ સિંહ પાછળ ડાંગ લઈને દોડતી ચૌદ વર્ષની ચારણ કન્યા જેવું છે. હજી ઘડી પહેલા જ આ ચારણ કન્યા જેવો અલ્લડ તડકો ગરમ લૂ અને સુક્કી ધૂળની ડમરી ઓઢીને નાના વંટોળિયાના રૂપે મને વિંટળાઈને મારા હાથમાંથી તેના વિશે લખતા આ કાગળને ઝૂંટવાનો પ્રયત્ન કર્યો અને સફળ પણ રહ્યો. હું પણ તડકાના સ્વભાવને ઓળખું છું. એણે ડમરીમાં કાગળને ઊંચે ઉડાડ્યો અને હવે શું કરવું ? ફરી પાછી નિઃસ્તબ્ધતા... કાળી સડકો પરથી પસાર થતા વાહનોની ચીસો સિવાય કશું જ નહીં.. હવે અમારી ગાડીનું ટાયર પણ ઠીક થઈ ગયું હતું. મનોજે કહ્યું પણ ખરું કે 'ચાલ જવા દે... ફરીથી લખી નાખજે ઘેર જઈને...! પરંતુ જો હું એમ ચાલ્યો જાઉં તો તડકાનું અપમાન કહેવાય એની સાથેના મારા સંબંધોનું શું ? એકાત્મ ભાવનું શું ? અને હું તો ચડ્યો વૃક્ષ ઉપર...! આખું વૃક્ષ જાણે ચેતનવંતુ બની ગયું. એની એક એક ડાળીમાં જાણે પ્રાણ પૂરાયા. એની આંખોમાંથી હર્ષના આંસુઓ ટપકવાં લાગ્યાં કારણ કેટલાંય વર્ષો બાદ.. કદાચ ઊગ્યાં પછી પહેલી જ વાર કોઈ પોતાની ઉપર ચડી રહ્યું હતું...કોઈનો જીવંત સ્પર્શ અનુભવી રહ્યું હતું. આવા ધોમધખતા તડકામાં લાઈનબંધ ઉભેલા હજારો વૃક્ષની આ દુનિયામાં કોણ નોંધ લે છે ! કોઈ એકાદ વૃક્ષની ? બાકી વૃક્ષ પણ ઈચ્છતું હોય છે માનવ સ્પર્શને !

હું પણ વર્ષોના વર્ષો વિતી ગયા ઝાડ પર ચડવાનું ભૂલી ગયેલો. બાળપણમાં ચરાડવા ગામના પાદરમાં, તળાવને કાંઠે ઉગેલા વડલા પર 'આંબલી પીપળી' રમતા ત્યારથી આજ સુધીના ત્રીસ-પાંત્રીસ વર્ષના લાંબા અતીતમાં કદીયે ડોકીયું કરવાનો ટાઈમ નહોતો મળ્યો. અને આજે અચાનક એ આખુંય ચરાડવા... એ પાદર... એ તળાવ-એ વડલો... બધું જ વંટોળિયો બનીને ઉમટી આવ્યું મારી આરપાર અને શબ્દસ્થ થવા લાગ્યું શ્વેત કાગળો ઉપર...

વૃક્ષની ડાળ વચ્ચે અટવાયેલો એ કાગળ તો હાથ લાગ્યો પણ હું પહોંચી ગયો મારા અલ્લડ બાળપણની અલૌકિક દુનિયામાં.

ગાડી પુરપાટ દોડી જતી હતી. તડકો અમારી આગળ અને પાછળ સતત દોડી રહ્યો હતો. જાણે કે હું એને મૂકીને જતો રહેતો હોઉં એવી એની મૂક સંવેદના મને બારી બહારના દૃશ્યમાં દેખાતી હતી. તડકાનો ચહેરો ઉતરી ગયો હતો તેની આંખોમાં ઝળઝળિયા ઉપસી આવ્યા હતા કારણ કે એને ડર હતો કે- હું હવે વાતાનુકૂલિત ગાડીમાં બેસીને એને ભૂલી જઈશ અને એટલે જ એણે કદાચ અમારી ગાડીના બંધ થતા કાચમાંથી એક નાનું પીળું પતંગિયું ગાડીની અંદર મોકલી આપ્યું. એ પતંગિયું ઊડતું સીધું જ મારા ખભે આવીને બેસી ગયું ત્યારે મને પણ સંતોષ થયો કે તડકો હજી પણ મારી સાથે છે. એ પતંગિયાને હળવેકથી પકડીને મેં મારી હથેળીમાં મૂક્યું. એની આંખોમાંથી અને હોઠો પરથી વરસતું હતું તડકાનું ઝીણું ઝીણું રજકણ અને એની સોનેરી પાંખોમાં ઉપસી આવ્યા મોરપીછના રંગ.

સરકાર પાસેથી જાનમાલની રક્ષા મેળવવી એ જનતાનો મૂળભૂત અધિકાર છે તેમજ તેના નુકશાનીનું વળતર સરકાર પાસે મેળવવા અધિકાર છે : સુપ્રિમ કોર્ટ

વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી
એડવોકેટ
atopcl@gmail.com

દેશમાં થતા જાતિવાત અને સાંપ્રદાયીક હુમલાથી દેશની એકતા, અખંડતાને ચુનોતી આપી દેશની સામાજીક સાંસ્કૃતિક વાતાવરણને ડહોળી નાંખે છે આવા દંગોના કારણે આમ જનતાને સહન કરવું પડે છે દેશની સર્વોચ્ચ અદાલતે તાજેતરમાં ૭/૧૨/૨૦૧૩ ના રોજ મુજફ્ફરનગરના દંગામાં હસ્તક્ષેપ કરી પીડીત લોકોને રાહત આપતો ચુકાદો આપેલ છે.

મુજફ્ફરનગરમાં તાજેતરમાં લઘુમતી સંખ્યા ધરાવતા લોકો ઉપર હુમલા થતા મોટી સંખ્યામાં લઘુમતીઓની જાનહાનિ થઈ, મોટી સંખ્યામાં પોતાના રહેણાંક છોડવા મજબુર થવું પડયું આ અંગે અલ્હાબાદ ઉચ્ચ ન્યાયાલયમાં ઘણી બધી પીટીશનો કરવામાં આવી ન્યાયાલયે નોંધ્યું કે આ દુર્ભાગ્યિપૂર્ણ ઘટના રોકવાની જવાબદારી સરકારની છે આમ આદમી જનસમુદાયની રક્ષા કરવી તેમના જાનમાલનું રક્ષણ કરવાની પ્રાથમિક જવાબદારી સરકારની છે. સરકાર પોતાના આ પ્રાથમિક કર્તવ્ય બજાવવામાં નિષ્ફળ જાય તો જાનમાલના નુકશાન બદલ જનતાને વળતર ચુકવવાની જવાબદારી સરકારની છે. આમ આદમીનો આ પ્રાથમિક અધિકાર છે.

ઘટના મુજફ્ફરનગરની આજુબાજુ શામળીના ગ્રામીણ પ્રદેશમાં નાગલા, મન્દોરની જાટ મહાપંચાયતમાં ઉસ્કેરાટના કારણે બનવા પામેલ આ મહાપંચાયતમાં દિલ્હી, હરીયાણા તથા ઉત્તર પ્રદેશથી લાખથી વધારે માણસો ભેગા થયેલા જે બનાવ મુજફ્ફરનગરના જાનસફ તાલુકાના કવલ ગામમાં બે સંપ્રદાય વચ્ચે હિંસા ભડકતા મામુલી કારણસર બન્ને પક્ષોના ત્રણ યુવાનોના કરૂણ મોત નિપજયા હતા. આ ઘટનાને સાંપ્રદાયીક રંગ આપી મહાપંચાયત બોલાવવામાં આવી હતી.

સ્થાનિક પ્રશાસને આ ઘટના બાદ મોટી સંખ્યામાં જનસમુદાયને ભેગા થતા રોકવામાં નિષ્ફળતા અને ઉપેક્ષાપૂર્વકની મીલીભગતથી મોટી સંખ્યામાં જાનહાની રોકવામાં પણ નિષ્ફળ ગઈ ૨૦૦થીવધારે લઘુમતી લોકોની હત્યા કરવામાં આવી અને જયા જાટ સમુદાયના લોકોની સંખ્યા વધારે છે તેવા ગામમાંથી ૫૦૦ થી વધારે લોકોના ગુમ થવાના તથા ગામ છોડી ભાગી જવાના બનાવો સામે આવ્યા છે. હજારો વૃધ્ધો સ્ત્રીઓ અને બાળકો ભોજન, આરોગ્યની અગવડતામાં રાહત છાવણીમાં આજે પણ બેસહારા લાચાર જીવન વિતાવે છે અને ભયના ઓથાર નીચે જીવે છે પોતાના પરિવારને ગુમાવી એક આશા ભરી મીટ સરકાર તરફ માંડીને બેઠા છે જેમને નુકશાન વળતર પણ હજુ મળી શકેલ નથી.

સરકાર ઘોડા છૂટયા પછી તબેલાને તાળા ના ન્યાયે પાછળથી ગામમાં છાપા મારી અનઅધિકૃત ગોળાબારૂદ તથા હથીયારોનો મોટો જથ્થો પકડી પાડયો છે આશ્રય કેમ્પોમાં પર્યાપ્ત સુખસુવિધા ના મળે તે સ્વાભાવિક છે તેમના આરોગ્ય, શિક્ષણ અને ભોજનની પૂરતી વ્યવસ્થા કરવામાં પણ સરકાર ઉણી ઉતરી છે જે ઉચ્ચ ન્યાયાલયે ખાસ નોંધ લઈ વળતર આપવાની સરકારની પ્રાથમિક જવાબદારી છે તેવું ઠરાવ્યું છે. ભોગ બનેલ કેટલીય પીડીતા ઉપર બળાત્કાર પણ ગુજારવામાં આવ્યો છે જેને પણ વળતર ચુકવેલ નથી જે લગત એક માસમાં પૂરેપૂરૂ વળતર ચુકવવું તેવું ઉચ્ચ ન્યાયાલયે આદેશ આપેલ છે.

જીલ્લા પ્રશાસન દ્વારા લોકો માટે રાની લક્ષ્મીબાઈ પેન્શન યોજના પણ અમલમાં મુકશે જે વિસ્થાપીતો છે તેને પણ આનો લાભ મળશે.

કોઈપણ પીડીત જરૂરી સમજે તો તેને જીલ્લા કાનૂની સહાયતા અધિકારી સાથે સંપર્ક કરાવી મફત કેસો લડવા માટે વકીલની પણ નિયુકતી કરવામાં આવશે. પાંચ લાખ ઉપરના વળતર મેળવનારને પોતાના મીત્ર વર્તુળમાં જાતીમાં ધંધો-રોજગાર કરવા માટે સ્થાન ફેર કરવાની પણ છૂટ આપવામાં આવશે તથા પાંચ લાખ વળતર રાજય પરત વસુલી શકશે નહિ. ફરી હુમલા ના ભયે જે પરિવારને પોતાના ગામથી પરિવારથી મિત્રોથી દૂર કરેલ છે તેમને પોતાની મરજીથી ફરી પુનઃ વસનની કામગીરી પ્રશાસને તાત્કાલીક કરવા આદેશ આપ્યો છે.

જે ખેડૂતોએ પોતાના ટ્રેકટર, ગાય, ભેંસ, બળદ ખેતીના સાધનો ગુમાવ્યા હોય તેમને તાત્કાલીક પુરા પાડવા તથા જમીન ઉપર અન્ય ત્રાહિતનો કબજો હોય તો તે તાત્કાલીક મૂળ માલીકને પરત સોંપવા કાર્યવાહી કરવી અને ખેતીના નુકશાનને પણ સરકારે ભરપાઈ કરવા આદેશ આપ્યો છે.

ઉચ્ચ ન્યાયાલયે જણાવ્યું છે કે રાજય સરકારે કેન્દ્ર સરકાર સાથે મળી ઈન્ટેલીજન્સ બ્યુરોના સાથે મળી પૂરતી તપાસ કરી સહાયતા કરવા આદેશ આપેલ છે.

કાયદા કાનૂનની વ્યવસ્થા કરવામાં ઉચ્ચ અધિકારીઓ ગફલત, ભૂલ કરે અથવા તો દંગા કરવાવાળાને સમર્થન આપતા હોય તો તેમના હોદ્દાને ધ્યાનમાં રાખ્યા સીવાય શેહ, શરમ રાખ્યા સીવાય તેમના વિરૂધ્ધ કાયદાકીય કાર્યવાહી કરવા જણાવેલ છે.

જેમને ૨૬/૩/૨૦૧૪ સુધીમાં યોગ્ય વળતર મળેલ નથી કે રાજય સરકારે પૂરતી મદદ પૂનઃ વસન માટે કરેલ ના હોય તેઓ ઉચ્ચ ન્યાયાલયમાં અરજી કરી શકાશે.

ઉચ્ચ ન્યાયાલયમાં આ પ્રકારના દંગાપીડીતની અરજી ઉપર આવા આદેશ મુજબ જ એકસરખી કાર્યવાહી કરવામાં આવે પ્રજાની જાનમાલની રક્ષા કરવી એ સરકારની પ્રાથમિકતા છે તેમાં સરકાર ભૂલ કરે તો નુકશાન વળતર મેળવવું એ ભોગબનનારનો અધિકાર છે.

રાજકીય પક્ષોમાં થતાં રીંસામણા

રીંસામણા-મનામણા-મનની વાત મનમાં રહી ગઇ

ચેતનાનો સમય

- પ્રો. ઇન્દુલાલ ભટ્ટ

નાના હતા અને અડદું પડદું બોલતા શીખીએ એટલે બે ભાઇ વચ્ચે કે બહેનો અને ભાઇ વચ્ચે પપ્પા કાંઇક ભાગ (ખાવાનું) લાવ્યા હોય તેની વહેંચણીમાં નાનો રીસાઇ જાય અને પગ ઢસડવા લાગે. મમ્મી મમ્મી મને પેલો મોટો લાડુ જોઇએ. મમ્મી સમજાવે બેટા લાડવા ઓછા છે એટલે ટુકડા કરીને બધાને વહેંચાય. તું એકલો થોડો છે? તોય નાનો સમજે નહિ ને રડવાના ને પગ ઢસડવાના નાટક કરે ને છેવટે થાકી જાય અને મનમાં સમજે કે આવા નાટક નહિ ચાલે એટલે મનની વાત મનમાં રાખી મુંગો મુંગો જે મળ્યું તેમાં સંતોષ માનીને અડધો પડધો લાડુ લઇ લે. આવું કાંઇક રાજકારણમાં થાય છે. રાજકારણમાં જયારે કોઇ પક્ષની જીત થાય અને પક્ષને સત્તા મળવાની થાય એટલે નાના મોટા નેતાઓને સત્તાનો લાડવો ખાવાની ઇચ્છા થાય. પાછું સત્તાનો જેવો તેનો નાનો કે અડધો લાડુ ના ખપે એને તો મોટો લાડુ જોઇએ એટલે નેતા રીસાઇ જાય અને જયાં ત્યાં પોતાની રીંસ ઠાલવતા રહે. હવે રાજકારણમાં તો રીંસાયેલા નેતા કે નેતીની રીંસ કોઇ પત્રકારના ધ્યાનમાં આવી જાય એટલે ટીવી કે છાપામાં પેલી નેતી કે નેતાની રીંસ જાહેર થઇ જાય અને પછી તો પપ્પા કે મમ્મી જેમ નાના છોકરાને સમજાવે તેમ બીજા નેતાઓ પેલા નેતા કે નેતીને સમજાવવા ઉમટી પડે અને પછી છાપાવાળા કે ટીવીવાળા પત્રકારોને કહે કે આવું કાંઇ છે જ નહિ. એ તો અમારા પક્ષમાં લોકશાહી છે એટલે સહુને પોતાની વાત કહેવાનો અધિકાર છે એટલે રીંસાઇ જવાની વતા ખોટી છે ભલે ને પછી પેલો નેતો કે નેતી રીંસાયેલા જ રહે. બીજા સિનિયર મોટા માથાના નેતાઓ સમજાવી સમજાવીને થાકે પછી પેલો નાનો છોકરો જેમ કંટાળીને જે મળ્યું તે લઇને શાંત થઇ જાય પણ મનમાં તો ઘૂંઘવાતો રહે તેમ રાજકારણમાં રીંસાયેલા નેતા કે નેતીની વાતને કોઇ ધ્યાનમાં ના લે ત્યારે જેવો સત્તાનો નાનો મોટો અડધો લાડુ મળ્યો તે લઇને સમસમીને મનમાં ઘૂંઘવાતો રહીને લઇ લે નહિતર પછી તો રીંસ ચાલુ જ રાખે તો બધી કોરથી રખડે અને નાનો મોટો લાડુ ખાવાનો મળે નહિં એટલે અત્યારે તો મનમાં રીંસ રાખીને મુંગે મોંએ જે મળ્યું તે લઇ લે.

રાજકીય પક્ષોમાં આવા રીંસામણા મનામણા થયા જ કરતાં હોય છે. ક્યારેક તો વળી રીંસાયેલો નેતા માને જ નહીં ને વધારે પડતો બળાપો ઠાલવ્યા કરે ત્યારે પક્ષમાંથી તેની હકાલપટ્ટી થાય કે પછી રીંસાયેલાને મનાવવાનું બંધ કરી દે. ઘણાં પક્ષોમાં રીંસાયેલા નેતાઓ પોતાનો પક્ષ છોડીને પછી બીજો નવો પક્ષ રચી દે. પણ એ પક્ષ તો નવો સવો એટલે પ્રજા તો આ નવા રીંસાયેલા નેતાના પક્ષને મહત્ત્વ ના આપે ત્યારે વળી કોઇક રિંસાયેલો નેતો કંટાળીને નવા પક્ષને સમેટવાની જાહેરાત કરીને ઉગતા સૂર્યને લોકો પૂજે તેમ રીંસાયેલો નેતો બધું સમેટીને જૂના પક્ષ પાસે હથિયાર હેઠા મુકી દે અને જાહેરાત કરે કે અમે અમારો નવો પક્ષ સમેટીને જૂના પક્ષમાં લોકોની સેવા કરવા ભળી જઇએ છીએ અથવા કોઇ રીંસાયેલો નેતો છેવટે ચૂંટણીમાં અપક્ષ તરીકે ઉમેદવારી કરે પણ તેમાં હારી જાય એટલે આવા રીંસાયેલા નેતાની રાજકીય કારકિર્દી ખતમ અને તેનું રાજકીય મૃત્યુ થઇ જાય રામ બોલો ભાઇ રામ. અરે ભાઇ! ઉગતાં સૂરજને સહુ પૂજે તેમ રીંસાયેલા નેતાજી નેતીજી તમને સલાહ છે કે તમારે માટે આ ચેનતાનો સમય છે એટલે તમારી રીંસનું પોટલું વાળીને સમજી જઇએ. તારી રીંસને બંધ કરી દો. નહિંતર પછી ભૂતકાળ જૂઓ કેટકેટલા નેતાઓ રીંસાઇ જઇને પોતાનું રાજકીય મૃત્યુ નોતર્યું છે. પછી તો આ રીંસાયેલા નેતાજી કહે શું? પલોઠી વાળીને બેઠા રહે. રાજકીય કારકિર્દી ખતમ થઇ જાય. એટલે જે કાંઇ લાડવો ખાવાનો મળે તે સમજી જઇને લઇ લો. તમારી ઇચ્છા પ્રમાણેનો સત્તાનો લાડુ ના મળે તો જેટલો જેવો મળે તે લઇ લો નહિંતર પછી ક્યાંકના નહિ રહે. લોકો પછી તમને ઠેબે મારશે. તમે પક્ષમાં જૂના સિનિયર મોટા માથાના રહ્યા હો અને પક્ષમાં અને પ્રજામાં તમારી બોલબાલા હોય તમે હોંશિયાર હો સારા વક્તા હો પણ કોઇ નવો નેતો પક્ષમં સડસડાટ આગળ આવી જાય અને પોતાની વાણીં સહુને આકર્ષી લે અને પક્ષનો વડો આ નવા નેતાની વાણીથી આકર્ષાઇ જઇને અને એવા નેતાને પક્ષમાં આગળ પડતું સ્થાન આપીને તેને કોઇક મહત્ત્વનો રાજકીય હોદ્દો આપે પછી આ નવો નેતા સફળતાના શીખરો હાંસલ કરીને સત્તાના સિંહાસન સુધી દોડ લગાવીને સફળતા હાંસલ કરે ત્યારે પક્ષનો વડો ખુશ થાય અને રીંસાયેલા પેલા નેતા કે નેતીને કાનમાં કહે તમે ભલે સિનિયર છો પણ પેલો નવા સવાએ મતદારોના દિલ જીતી લીધા છે એટલ હવે તો તે સિંહાસને બીરાજે પછી તે સત્તાના લાડવા તેની ઇચ્છા પ્રમાણે વહેંચે તે સમજીને લઇ લેવામાં જ માલ છે. એટલે રીંસામણા મનામણાંની વિધિ બંધ થઇ જાય અને ઘીના ઠામમાં ઘી રહી જાય. પણ મનમાં દાઝ તો રહી જાય. પણ કહે કોને? નહિંતર પછી જે અમુક પક્ષમાં રીંસાયેલાની રાજકીય કારકિર્દી ખતમ થઇ ગઇ હતી તેમ પોતાની પણ થઇ જાય. રીંસાયેલા માટે આ ચેતનાનો સમય છે. નહિંતર પછી તમારા રાજકીય મૃત્યુ પછી કોઇ રાજકીય બેસણાં પણ નહિં ફરકે. ચેતતા નર સદા સુખી. ઉગતાને સહુ પૂજે તેમ બધું ભૂલી જઇને તમે પણ મને કમને પણ પૂજવા લાગો. ફૂલ નહિં તો ફૂલની પાંખડી તો મળશે નહિંતર પછી કાંટા જ કાંટા.